રાજ્ય સરકારે સ્વીકારેલ કેન્દ્ર સરકારના
કર્મચારીઓ માટે છઠ્ઠા પગાર પંચની
ભલામણોનો લાભ વર્કચાર્જ કર્મચારીઓને
આપવા બાબત.

**ગુજરાત સરકાર.**

નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

ઠરાવ ક્રમાંક : WCE- 102009-1624-129-P.F.-A

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : - ૧૫/૩/૨૦૧૦

**વંચાણે લીધો:-**

. નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૦૯-૧-પગાર એકમ-મ-,

. તા:-૧૨/૨/૨૦૦૯.

**ઠરાવ.**

ભારત સરકાર ના કર્મચારીઓ માટે છઠ્ઠા પગારપંચની ભલામણો, ભારત સરકારે સ્વીકારેલ છે. ભારત્ સરકાર ના હુકમ ના અનુસંધાનમાં રાજ્ય સરકાર ના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણો મુજબ ના પગાર ધોરણો નાણાં વિભાગના વંચાણે લીધેલ તારીખ ૧૨/૨/૨૦૦૯ ના ઠરાવ થી મંજુર કરવામાં આવેલા છે.

૨. રોજમદાર કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણો નો લાભ આપવાના હુકમો, નાણાં વિભાગની સંમતિ અન્વયે, માર્ગ અને મકાન વિભાગ ના તારીખ :- ૨૪/૮/૨૦૦૯ નાં ઠરાવથી કરવામાં આવેલા છે, જે આ વિભાગને પણ લાગુ પડે છે.

૩. નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. હેઠળ વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા વર્કચાર્જ (કામ ખર્ચિત) કર્મચારીઓને જેઓને પાંચમા પગાર પંચ મુજબના પગાર ધોરણો નો લાભ આપવામાં આવેલો છે, એવા વર્કચાર્જ (કામ ખર્ચિત) મહેકમ ઉપરના કર્મચારીઓ ને છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણોનો લાભ આપવાની રજુઆતો રાજ્ય સરકારશ્રી ને મળેલ હાલ પુખ્ત વિચારણાને અંતે નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબની ૬૮ સંવર્ગના કૂલ – ૩૨૫૨ વર્કચાર્જ કર્મચારીઓને રાજય સરકારે મંજુર કર્યા મુજબ ના ધોરણે છઠ્ઠા પગાર પંચ ની ભલામણો મુજબનો લાભ,નીચેની પેરા- ૫ ની શરતો ને આધીન મંજુર કરવામાં આવે છે :-

૪. વર્કચાર્જ કર્મચારીઓની નીચેની સંવર્ગો ને, કૂલ ૩૨૫૨ વર્કચાર્જ કર્મચારીઓને, સુધાર્યા પૂર્વે ના પગાર ધોરણ (કોલમ-૩) સામે તેની સામે દર્શાવેલ પે-બેન્ડ (કોલમ-૪,૫) ગ્રેડ પે ( કોલમ-૬) મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો/સંવર્ગ | સુધાર્યા પૂર્વેનું પગાર ધોરણ (પાંચમા પગાર પંચ મુજબ) | સુધારેલ પગાર માળખા મુજબ | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | પે બેન્ડનું નામ | પે બેન્ડ | ગ્રેડ પે | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | |
| ૧ | રેસીડેન્ટ મેડીકલ ઓફીસર(આયુર્વેદ) | ૬૫૦૦-૧૦૫૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | |
| ૨ | જુનીયર જીઓલોજીસ્ટ | ૫૫૦૦-૯૦૦૦ | પીબી-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | |
| ૩ | ડ્રીલર ગ્રેડ-I/ ડ્રીલર | ૫૫૦૦-૯૦૦૦<br>૪૫૦૦-૭૦૦૦ | પીબી-૨<br>પીબી-૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>૫૨૦૦-૨૦૨૦૦ | ૪૨૦૦<br>૨૮૦૦ | |
| ૪ | અધિક મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેર(સીવીલ)/ વર્કચાર્જ અધિક મદદ. ઈજનેર | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૫ | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ/ જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ અને રીસર્ચ આસીસ્ટન્ટ | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૬ | સીનીયર મીકેનીક | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૭ | સીનીયર આસીસ્ટન્ટ મીકેનીક | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૮ | ઈલેકટ્રીશીયન/<br>ઓટો ઈલેકટ્રીશીયન | ૪૫૦૦-૭૦૦૦<br>૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧<br>પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦<br>૨૪૦૦ | |
| ૯ | ઓપરેટર(શોવેલ) | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૧૦ | મીકેનીક | ૪૫૦૦-૭૦૦૦<br>૪૦૦૦-૬૦૦૦<br>૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧<br>પીબી-૧<br>પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>૫૨૦૦-૨૦૨૦૦<br>૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦<br>૨૪૦૦<br>૧૯૦૦ | |
| ૧૧ | ઓવરસીયર(ઈલેકટ્રીકલ) | ૪૫૦૦-૭૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | |
| ૧૨ | ટર્નર ગ્રેડ-I / ટર્નર ગ્રેડ-II | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૧૩ | ડ્રીલર, ડ્રીલર ગ્રેડ-II , ડ્રીલર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | ફીટર ગ્રેડ-૧/ ફીટર/ ફીટર (કવોલીફાઇડ) | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૧૫ | વેલ્ડર ગ્રેડ-II | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૧૬ | પ્લમ્બર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૧૭ | જુનીયર મીકેનીક | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૧૮ | જુનીયર આસીસ્ટન્ટ મીકેનીક | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૧૯ | સીટ મેકર/અપહોલ્સ્ટર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૨૦ | આસીસ્ટન્ટ ફોટોગ્રાફર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૨૧ | બ્લેકસ્મીથ | ૪૦૦૦-૬૦૦૦<br>૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧<br>પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦<br>૧૯૦૦ | |
| ૨૨ | મેલેરીયા સર્વેલન્સ ઇન્સ્પેકટર | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૨૩ | ઓપરેટર(ડોઝર, ડમ્પર, સ્ક્રેપર, વ્હીલ ટાઇપ ટ્રેકટર) | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૨૪ | ટેકનિકલ આસીસ્ટન્ટ | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૨૫ | રોડ રોલર ઓપરેટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૬ | ઓપરેટર(ડ્રેગલાઇન) | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૭ | સ્વીચ બોર્ડ ઓપરેટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૮ | જોબ કારકુન | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૨૯ | કલાર્ક/કલાર્ક-કમ-ટાઇપીસ્ટ/જુનીયર કલાર્ક | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૦ | ટાઇપીસ્ટ | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૧ | કોમ્પ્યુટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૨ | ડ્રાયવર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૩ | ટ્રેસર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૪ | ગેટ ઓપરેટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૫ | પમ્પ ઓપરેટર | ૩૦૫૦-૪૫૯૦<br>૨૬૫૦-૪૦૦૦ | પીબી-૧<br>૧-એસ | ૫૨૦૦-૨૦૨૦૦<br>૪૪૪૦-૭૪૪૦ | ૧૯૦૦<br>૧૬૫૦ | |
| ૩૬ | ફોન ઓપરેટર/ ટેલિફોન ઓપરેટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૭ | બેટરી મેન | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૮ | ટાઇમ કીપર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૩૯ | ટુલ ઇસ્યુઅર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૦ | કેનાલ ઇન્સ્પેકટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૧ | લાઇનમેન | ૩૦૫૦-૪૫૯૦<br>૨૫૫૦-૩૨૦૦ | પીબી-૧<br>૧-એસ | ૫૨૦૦-૨૦૨૦૦<br>૪૪૪૦-૭૪૪૦ | ૧૯૦૦<br>૧૩૦૦ | |
| ૪૨ | આર્ટીઝન | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૩ | પેઇન્ટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૪ | કારપેઇન્ટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૫ | વેલ્ડર ગ્રેડ-૩ | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૬ | ફીટર- કમ-ઓપરેટર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૭ | પ્લમ્બર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૮ | મેશન/કડીયા | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૪૯ | ટર્નર | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૫૦ | પમ્પ ઓપરેટર<br>(એન્જીન ડ્રાઈવર) | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૫૧ | આસીસ્ટન્ટ ડ્રીલર ગ્રેડ-૩/<br>ડ્રીલર ગ્રેડ-૩ | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૫૨ | હેલ્પર/<br>હેલ્પર ઇલેકટ્રીશીયન | ૩૦૫૦-૪૫૯૦<br>૨૫૫૦-૩૨૦૦ | પીબી-૧<br>૧-એસ | ૫૨૦૦-૨૦૨૦૦<br>૪૪૪૦-૭૪૪૦ | ૧૯૦૦<br>૧૩૦૦ | જો સેકન્ડ ક્લાસનું પ્રમાણપત્ર ધરાવતા હોય તો.<br>અન્ય માટે |
| ૫૩ | ખાનસામા | ૩૦૫૦-૪૫૯૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | |
| ૫૪ | હેલ્પર | ૨૬૫૦-૪૦૦૦<br>૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ<br>૧-એસ | ૪૪૪૦-૭૪૪૦<br>૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦<br>૧૩૦૦ | જો બેટરી મેઈન્ટનન્સનું કામ કરતા હોય તો.<br>અન્ય માટે |
| ૫૫ | વાલ્વ ઓપરેટર | ૨૬૫૦-૪૦૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | |
| ૫૬ | મુકાદમ | ૨૬૧૦-૩૫૪૦<br>૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ<br>૧-એસ | ૪૪૪૦-૭૪૪૦<br>૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦<br>૧૩૦૦ | |
| ૫૭ | માલી | ૨૬૧૦-૩૫૪૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | |
| ૫૮ | રૂમ બોય | ૨૬૧૦-૩૫૪૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | |
| ૫૯ | સેકશન ગ્રાઇન્ડર | ૨૬૧૦-૩૫૪૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૪૦૦ | |
| ૬૦ | પ્યુન, પ્યુન-કમ-ફીલ્ડ | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | બોય | | | | | |
| ૬૧ | ચોકીદાર(કેનાલ ચોકીદાર, રેગ્યુલર ચોકીદાર) | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૬૨ | ખલાસી | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૬૩ | સ્વીપર | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૬૪ | કલીનર | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૬૫ | આયા | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૬૬ | પાટકારી | ૨૫૫૦-૩૨૦૦ | ૧-એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | |
| ૬૭ | સીકયુરીટી ગાર્ડ | Cadre Pay | પોલીસ ખાતામાંથી પ્રતિનિયુક્તિને ધોરણે | | | |
| ૬૮ | વર્ક આસીસ્ટન્ટ | ૪૦૦૦-૬૦૦૦ | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |

૫. આ હુકમો નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના ઉપર દર્શાવેલ કુલ-૬૮ સંવર્ગોને તેની સામે દર્શાવેલ સુધાર્યા પૂર્વેના પગાર ધોરણ(પાંચમા પગાર પંચ મુજબ-કોલમ-૩)ની સામે દર્શાવેલ મળવાપાત્ર પે બેન્ડ (કોલમ-૪-૫) અને ગ્રેડ પે (કોલમ-૬) મંજુર કરવાના રહેશે તથા ઠરાવની સાથેની અનુસૂચિમાં તેનો સમાવેશ કરવાનો રહેશે. આ અનુસૂચિમાં દર્શાવેલ ન હોય તેવા સંવર્ગોને આ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૨) કર્મચારીઓને આ પગાર સુધારણાનો લાભ તા.૧-૧-૨૦૦૬ થી આપવાનો રહેશે. જયારે તેમને મળવાપાત્ર ભથ્થાંઓની સુધારણા તા.૧-૪-૨૦૦૯ થી કરવાની રહેશે.

(૩) તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીના પગારના તફાવતની રકમ દર વર્ષે ૨૦ ટકા પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં વર્કચાર્જ કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરાવવાની રહેશે. જમા થયેલ દરેક હપ્તાની રકમ જમા થયાની તારીખથી પાંચ વર્ષ સુધી ઉપાડી શકાશે નહિ.

(૪) તા.૧-૪-૨૦૦૯ થી મળવાપાત્ર તફાવતની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

(૫) તા.૦૧-૦૧-૨૦૦૬ થી તા.૩૧-૩-૨૦૦૯ દરમ્યાન વર્કચાર્જ કર્મચારીના અવસાનના કીસ્સામાં તફાવતની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

(૬) વર્કચાર્જ કર્મચારીઓની નિવૃત્તિના કિસ્સામાં પગાર તફાવત અને પેન્શન તફાવતની રકમ પાંચ હપ્તામાં વર્કચાર્જ કર્મચારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૭) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિ હેઠળના પગાર બાંધણી મોડયુલમાં વર્કચાર્જ કર્મચારીઓની સુધારેલ પગાર માળખામાં ઓન લાઇન પગાર બાંધણી અને પગાર બાંધણીની ઓન લાઇન ચકાસણી કરવાની રહેશે.

(૮) પગાર બાંધણીની ઓન લાઇન ચકાસણી થયા બાદ તફાવતની રકમ વર્કચાર્જ કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૯) આ પગાર સુધારણાને અનુલક્ષીને નિયમોનુસાર કરવાપાત્ર સામાન્ય ભવિષ્યનિધિ ફાળાની રકમ તથા આવકવેરાની કપાત તથા અન્ય કપાત, જો કરવાની થતી હોય તો, તે કરવાની રહેશે.

(૧૦) પગાર ધોરણોના સ્વીકાર અંગે વર્કચાર્જ કર્મચારી નિયમોનુસાર નિયત નમૂના ફોર્મમાં વિકલ્પ આપી શકશે.

(૧૧) આ પગાર સુધારણાને કારણે, વર્કચાર્જ કર્મચારીને ચુકવાયેલ વધારાની રકમ અથવા જો કોઇ કારણસર રકમ પરત કરવાપાત્ર થાય તો તે રકમ પરત કરવા અંગેની બાહેધરી મેળવવાની રહેશે.

(૧૨) આ સુચનાઓના અર્થઘટન અંગે પ્રશ્ન ઉપસ્થિત થતા નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

(૧૩) આ લાભ તા.૩૧-૩-૧૯૮૯ અગાઉ ભરતી થયેલ અને જેને પાંચમા પગાર પંચનો લાભ મળેલ હશે તેવા વર્કચાર્જ કર્મચારીને જ મળવાપાત્ર થશે.

(૧૪) નાણા વિભાગની પૂર્વમંજૂરી સિવાય ઉપર જણાવેલ ૬૮ ( અડશઠ) સંવર્ગો સિવાય અન્ય સંવર્ગને આ લાભ મળવાપાત્ર થશે નહીં.

(૧૫) આ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ શરતોનું પાલન થાય તે જોવાની જવાબદારી જે તે કચેરીના/ખાતાના વડાની રહેશે.

૬ અન્ય સંવર્ગો જેમનો સમાવેશ ઉપરના પેરા ચારના કોષ્ટકમાં કરવામાં આવેલ નથી તેવા સંવર્ગોને છઠ્ઠા પગારપંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા માટે આવી જગ્યાઓની મંજૂરી પગાર ધોરણ જગ્યા ભર્યાની તારીખ / હુકમ ની નકલ કરવામાં આવતી કામગીરી ને લક્ષમાં લેતા કયા સમાન પ્રકારનું પગાર ધોરણ લાગુ પડે છે. તેની વિગતો અંગે ની જરૂરી સ્પષ્ટતાઓ સાથેની સુધાર્યા પહેલાનું પગાર ધોરણ અને છઠ્ઠા પગાર પંચ

મુજબનું મળવા પાત્ર પગાર ધોરણ સાથેની દરેક કર્મચારીની વિગત દર્શાવતી સંકલીત દરખાસ્ત અલગથી રજુ કરવાની રહેશે.

૭ સરદાર સરોવર નર્મદા નિગમ, વાલ્મી અને ગુજરાત રાજ્ય જળ સંપત્તિ વિકાસ નિગમ ના વર્કચાર્જ કર્મચારીઓ સિવાયના વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના પગાર ધોરણોનો લાભ મંજુર કરવામાં આવે છે.

૮ સરદાર સરોવર નર્મદા નિગમ, વાલ્મી અને ગુજરાત રાજ્ય જળ સંપત્તિ વિકાસ નિગમ ના વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા અંગે તે નિગમોના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવાની દરખાસ્ત સાથે અલગથી વિચારણા કરવામાં આવશે. પરંતુ જો વિભાગ હેઠળનાવર્કચાર્કર્મચારીઓઆ નિગમો અને વાલ્મીમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજો બજાવતા હશે તો તેવા વર્કચાર્જ કર્મચારીઓને ઉપર પેરા ચાર માં સુચવ્યા મુજબ ના પગાર સુધારણાનો લાભ મળવા પાત્ર થશે.

૯ આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી (નાંણા) ની તારીખ-૧૨/૩/૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( ઈ.પી.દેસાઈ)

નાયબ સચિવ

નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

<u>નકલ રવાના</u>

- માનનીય રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી , સચિવાલય ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી (જળસંપત્તિ) ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાંણા વિભાગ સચિવાલય ગાંધીનગર
- નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળનાં સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ

- સચિવાલયના  સર્વે વિભાગો
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ,રાજકોટ
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ
- નિયામકશ્રી હિસાબ અને તિજોરી, અમદાવાદ
- પે એન્ડ એકાઉન્ટ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી વાલ્મી, આણંદ
- વહિવટી સંચાલકશ્રી ગુજરાત રાજ્ય જળ સંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર
- આસી. જનરલ મેનેજરશ્રી (પી એન્ડ એ) સરદાર સરોવર નર્મદા નિગમ સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી ગેરી વડોદરા
- શાખા સીલેક્ટ ફાઈલ
-